Our proposed capex plans are subject to the risk of unanticipated delays in implementation and cost overruns. Out of the amount proposed to be deployed from Net Proceeds towards the capital expenditure on plant and machinery, we are yet to place orders for about 72.12% of such amount. For further details, please see "Objects of the Offer" on page 109 of the Red Herring Prospectus, and except as disclosed therein we have not placed orders or entered into any definitive agreements to utilize the Net Proceeds for such Object of the Offer and have relied on the quotations and/or invoices received from third parties for estimation of the cost. We have placed purchase orders and paid advances to certain suppliers for plant and machinery, and cannot assure timely delivery or recovery of such advances in case of delay, non-delivery or supplier default.

15. **Dependence on raw materials**
Majority of our key raw material purchases, being PPCP, sourced from well-known suppliers, is not under any long term purchase agreements. Any reduction of supplies or our discontinuation of supplies from our top suppliers could have a material adverse effect on our business, financial condition, results of operations and cash flows. The details of our raw material purchase for the periods indicated are as under:

| Particulars | For the three month period ended June 30, 2026 | | Fiscal 2026 | | Fiscal 2025 | | Fiscal 2024 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Amount (₹ million) | % of Purchases | Amount (₹ million) | % of Purchases | Amount (₹ million) | % of Purchases | Amount (₹ million) | % of Purchases |
| Top five suppliers | 936.13 | 79.85 | 2253.07 | 78.29 | 2021.58 | 66.80 | 1,847.63 | 72.66 |
| Top ten suppliers | 1043.50 | 87.90 | 2550.73 | 87.16 | 2332.97 | 77.09 | 2202.15 | 86.60 |

During the three months period ended June 30, 2026 and the Fiscal 2026, Fiscal 2025 and Fiscal 2024, procurement of PPCP constituted 89.41%, 74.67%, 73.79% and 79.29% of our total purchase, respectively. Accordingly, we are substantially dependent on PPCP for our manufacturing operations, and any disruption in the availability or supply of PPCP, or any significant increase in its prices, could adversely affect our business, results of operations and financial condition.

16. **Offer related risk:** The Offer is by way of an Offer for Sale of up to 7,674,418 Equity Shares of face value of ₹ 2 each aggregating up to ₹ [•] million by VRIDAA Holding Trust, who is also our Promoter and who shall be entitled to the entire proceeds from the Offer (net of its portion of the Offer-related expenses) and the Company will not receive any proceeds from the Offer.

17. **The Price/Earnings Ratio based on diluted EPS for Financial Year 2026 for the Company at the upper end of the Price band is 18.23 as compared to the average industry peer group PE ratio of 35.10 for Fiscal 2025.**

18. **The weighted average Return on Net Worth for the Fiscal 2026, Fiscal 2025 and Fiscal 2024 is 14.52%, and Return on Net worth for the three month period ended June 30, 2026 is 8.34% (Not annualized).**

19. **Our market capitalization to Revenue from Operations multiple is 1.15 times at the upper end and 1.08 times at the lower end of the price band and our price-to-earnings ratio is 18.23 at the upper end and 16.96 at the lower end of the Price Band.**

20. **The weighted average cost of acquisition of all Equity Shares transacted in the three years, eighteen months and one year immediately preceding the date of the Red Herring Prospectus is disclosed below:**

| Period | Weighted average cost of acquisition (in ₹)* | Range of acquisition price: Lowest Price – Highest Price (in ₹) | Cap Price is 'X' times the Weighted Average Cost of Acquisition |
|---|---|---|---|
| Last three years preceding the date of the Red Herring Prospectus | NA | NA | NA |
| Last 18 months preceding the date of the Red Herring Prospectus | NA | NA | NA |
| Last one year preceding the date of the Red Herring Prospectus | NA | NA | NA |

*As certified by the Statutory Auditor of our Company, by way of its certificate dated September 04, 2026.

21. **The average cost of acquisition of Equity Share for Promoter Selling Shareholder is ₹ Nil per Equity Share and the Offer Price at the upper end of the Price Band is ₹43 per Equity Share.**

22. The BRLM associated with the Offer has handled 12 public issue in the past three years, out of which 3 issues closed below the offer price on listing date.

| Name of the BRLM | Total Public Issues | Issues closed below the Offer price on listing date |
|---|---|---|
| Pantomath Capital Advisors Private Limited | 12 | 3 |

## ADDITIONAL INFORMATION FOR INVESTORS

1) Our Company has not undertaken pre-IPO placement.
2) The Promoters or members of the Promoter Group have not undertaken any transaction of equity shares aggregating up to 1% or more of the paid-up Equity Share capital of the Company from the date of filing of the draft red herring prospectus dated ("DRHP") dated June 24, 2025 till date.
3) The aggregate Equity shareholding and percentage of the pre-Offer paid-up Equity Share capital and post-Offer Equity shareholding, of each of our Promoters, members of our Promoter Group and additional top 10 Shareholders (other than our Promoters and members of the Promoter Group) of our Company is set forth below:

| S. No. | Name of the shareholder | Pre-Offer Shareholding as on date of this advertisement*# | | Post-Offer shareholding as on the date of Allotment^ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | At the lower end of the Price Band (₹40) | | At the upper end of the Price Band (₹43) | |
| | | Number of Equity Shares | Percentage of total pre-Offer paid up Equity Share capital on a fully diluted basis (in %) | Number of Equity Shares of face value ₹ 2 each held on a fully diluted basis | Percentage of total post-Offer paid up Equity Share capital on a fully diluted basis (in %) | Number of Equity Shares of face value ₹ 2 each held on a fully diluted basis | Percentage of total post-Offer paid up Equity Share capital on a fully diluted basis (in %) |
| *Promoters* | | | | | | | |
| 1. | Nikunj Mohanlal Kapadia | 712,500 | 0.75 | 712,500 | 0.60 | 712,500 | 0.61 |
| 2. | Munjal Nikunj Kapadia | 475,000 | 0.50 | 475,000 | 0.40 | 475,000 | 0.41 |
| 3. | Mihir Nikunj Kapadia | 475,000 | 0.50 | 475,000 | 0.40 | 475,000 | 0.41 |
| 4. | Pratik Nikunj Kapadia | 475,000 | 0.50 | 475,000 | 0.40 | 475,000 | 0.41 |
| 5. | VRIDAA Holding Trust | 92,150,000 | 97.00 | 84,475,582 | 71.51 | 84,475,582 | 72.50 |
| | **Total (A)** | **94,287,500** | **99.25** | **86,613,082** | **73.31** | **86,613,082** | **74.34** |
| *Promoters' Group* | | | | | | | |
| 6. | Neha Munjal Kapadia | 237,500 | 0.25 | 237,500 | 0.20 | 237,500 | 0.20 |
| 7. | Vaishali Mihir Kapadia | 237,500 | 0.25 | 237,500 | 0.20 | 237,500 | 0.20 |
| 8. | Reena Pratik Kapadia | 237,500 | 0.25 | 237,500 | 0.20 | 237,500 | 0.20 |
| | **Total (B)** | **712,500** | **0.75** | **712,500** | **0.60** | **712,500** | **0.60** |
| | **Total (A+B)** | **95,000,000** | **100.00** | **87,325,582** | **73.91** | **87,325,582** | **74.94** |

*There are only 08 shareholders of our Company with no public shareholders.
#Details in relation to the top 10 shareholders will be provided at the time of the Prospectus.
^Subject to finalization of the Basis of Allotment.

## BASIS FOR OFFER PRICE

(you may scan the QR code for accessing the website of **Pantomath Capital Advisors Private Limited** )

*(The **"Basis for Offer Price"** section on page 128 of the RHP will be updated with the above price band. Please refer to the websites of the BRLM: www.pantomathcapital.com, for the "Basis for Offer Price" updated with the above price band)*

The Price Band and Offer Price will be determined by our Company in consultation with the Book Running Lead Manager, on the basis of assessment of market demand for the Equity Shares offered in the offer through the Book Building Process and on the basis of quantitative and qualitative factors as described below. The face value of the Equity Shares is ₹ 2/- each and the Floor Price is 20 times the face value and the Cap Price is 21.50 times the face value.

Investors should read below mentioned information along with the *"Risk Factors"*, *"Our Business"*, *"Restated Consolidated Financial Information"* and *"Management Discussion and Analysis of Financial Condition and Results of Operations"* on pages 25, 194, 277 and 339, respectively, to have an informed view before making an investment decision.

**Qualitative Factors:** Some of the qualitative factors and our strengths form the basis for computing the Offer Price are as follows: • Proximity to key customers locations, operational flexibility enables customer retention and customer service; • Entry Barriers for Competitors and Retention Drivers/Exit Barriers for customers; • Integrated value-added services through in-house design, development, and labelling capabilities; • De-risked business model with diverse industry applications / customer base / suppliers / location / product portfolio and operational flexibility; • Longstanding relationships with well-known customers and well-established supply chain; • Integrated quality assurance infrastructure; • Commitment to sustainable packaging and adherence to ESG Standards; and • Experienced promoters and management team, having domain knowledge. For further details, see *"Our Business - Competitive Strengths"* on page 199 of the Red Herring Prospectus.

**Quantitative factors:** The information presented in this section is derived from our Restated Consolidated Financial Information. For details, see "*Restated Consolidated Financial Information*" on page 277 of the RHP.

Some of the quantitative factors which may form the basis for computing the Offer price are as follows:

1. **Basic and Diluted Earnings Per Share ("EPS"), as adjusted for changes in capital:**
Based on / derived from the Restated Consolidated Financial Information:

| Financial Period | Basic & Diluted EPS* (in ₹) | Weight |
|---|---|---|
| Fiscal 2026 | 2.36 | 3 |
| Fiscal 2025 | 2.03 | 2 |
| Fiscal 2024* | 1.21 | 1 |
| **Weighted Average** | **2.06** | |
| For the three month period ended June 30, 2026** | 1.38 | |

** Adjusted for sub-division of equity shares of the Company undertaken on February 3, 2025.*
*** Not annualised and not considered for weighted average calculation.*
*Note: Basic and diluted earnings per Equity Share are computed in accordance with Indian Accounting Standard 33 notified under the Companies (Indian Accounting Standards) Rules of 2015 (as amended).*

2. **Price Earnings Ratio (P/E) in relation to Price Band of ₹ 40 to ₹ 43 per Equity Share:**

| Particulars | P/E at the lower end of Price Band (no. of times) | P/E at the higher end of Price Band (no. of times) |
|---|---|---|
| Based on Basic/Diluted EPS for Fiscal 2026 | 16.96 | 18.23 |
| Based on Basic/Diluted EPS for Fiscal 2025 | 19.66 | 21.13 |
| Based on Basic/Diluted EPS for Fiscal 2024 | 32.95 | 35.42 |

*Note: P/E ratio = Price per equity share / Earnings per equity share.*

3. **Industry Peer Group P/E Ratio**

| Particulars | P/E | Name of the Company |
|---|---|---|
| Highest | 37.85 | Hitech Corporation Limited |
| Lowest | 32.34 | Mold-Tek Packaging Limited |
| Average | 35.10 | |

*The industry high and low has been considered from the industry peer set provided later in this chapter. We believe that Shaily Engineering Plastics Limited is outlier in P/E ratio and may not be a true representation of P/E ratio based valuation, therefore excluded from calculation of industry peer group P/E ratio.*
*The industry P/E ratio mentioned above is computed based on the closing market price of equity shares on stock exchanges on August 31, 2026, divided by the EPS based on the audited financials for the year ended March 31, 2026.*

4. **Return on Net Worth ("RoNW"):**

**As per the Restated Consolidated Financial Information:**

| Fiscal | RoNW (%) | Weight |
|---|---|---|
| Fiscal 2026 | 15.18 | 3 |
| Fiscal 2025 | 15.44 | 2 |
| Fiscal 2024 | 10.68 | 1 |
| Weighted Average | 14.52 | |
| For the three month period ended June 30, 2026* | 8.34 | |

**Not annualised.*
*Notes:*
*i. Weighted average = Aggregate of year-wise weighted RoNW divided by the aggregate of weights i.e. (RoNW x Weight) for each year/Total of weights.*
*ii. Return on Net Worth (%) = Net profit after tax divided by Net worth at the end of the year/period.*
*iii. Net worth has been defined under Regulation 2(1)(hh)of the SEBI ICDR Regulations as the aggregate value of the paid-up share capital and all reserves created out of the profits and securities premium account and debit or credit balance of profit and loss account, after deducting the aggregate value of the accumulated losses, deferred expenditure and miscellaneous expenditure not written off, as per the audited balance sheet, but does not include reserves created out of revaluation of assets, write-back of depreciation and amalgamation.*

5. **Net Asset Value per Equity Share (Face value of ₹2/-):**

| Net Asset Value per Equity Share | Amount (₹) |
|---|---|
| As on June 30, 2026# | 16.50 |
| As on March 31, 2026 | 15.54 |
| As on March 31, 2025 | 13.18 |
| As on March 31, 2024^ | 11.37 |
| After the completion of the Offer | |
| - At the Floor Price | 21.10 |
| - At the Cap Price | 21.40 |
| - At the Offer Price | [•]* |

*#Not annualized.*
**To be computed after finalizing Offer Price.*
*^Adjusted for sub-division of equity shares of the Company undertaken on February 3, 2025.*
*Notes: Net Asset Value per equity share represents net worth as at the end of the fiscal/period, as restated, divided by the number of Equity Shares outstanding at the end of the fiscal/period.*

6. **Comparison with listed industry peers:**

**Following is the comparison with our peer companies listed in India:**

| Name of the company | Face value per equity share (₹) | Closing Price as on August 31, 2026 | Revenue from Operations Fiscal 2026 (₹ million) | EPS (Basic) Fiscal 2026 (₹) | EPS (Diluted) Fiscal 2026 (₹) | NAV per Equity share on March 31, 2026 | P/E Ratio | RoNW (%) Fiscal 2026 |
|---|---|---|---|---|---|---|---|---|
| Manika Plastech Limited* | 2.00 | NA | 4,359.82 | 2.36 | 2.36 | 15.54 | NA | 15.18 |
| Listed Peers | | | | | | | | |

Continued on next page...

## સેલવાસમાં નેપાળ પૂર દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ



**સેલવાસ, તા.૦૬ :** નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવા અને અસરગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા માટે ૬ સપ્ટેમ્બરે સેલવાસમાં નેપાળી સમાજ દ્વારા કેન્ડલ લાઈટ માર્ચ યોજાયો હતો.

માર્ચ આમલી ફુવારા ચાર રસ્તાથી શરૂ થઈ કિલવાણી નાકા, ઝંડા ચોક થઈ શહીદ માર્ગ સુધી પહોંચી હતી. અહીં ઉપસ્થિત લોકોએ મીણબત્તીઓ પ્રગટાવી મૃતકોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

આ કાર્યક્રમમાં સેલવાસ ઉપરાંત વાપી, વલસાડ અને દમણથી પણ નેપાળી સમાજના લોકો જોડાયા હતાં. મહિલાઓ, યુવાનો, બાળકો તેમજ વડીલોએ મોટી સંખ્યામાં ભાગ લઈને નેપાળના પૂરપીડિતો પ્રત્યે એકતાનો સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમના આયોજક અર્જુન રાવલ અને વિષ્ણુ રાવલે પ્રશાસનની જરૂરી મંજૂરી મેળવી કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે યોજ્યો હતો. કાર્યક્રમ દરમિયાન શાંતિ, શિસ્ત અને માનવતાની એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. નેપાળથી દૂર વસતા હોવા છતાં મુશ્કેલીના સમયમાં નેપાળી સમાજ પોતાના દેશવાસીઓ સાથે ઉભો છે તે ભાવના કાર્યક્રમમાં વ્યક્ત થઈ હતી.

## વાપીમાં ઈન્સ્ટા કોમેન્ટ મામલે મારામારી

**વાપી, તા.૦૬ :** વાપીમાં ઈન્સ્ટાગ્રામ પર કોમેન્ટ કરવાના મામલે ચાર ઈસમો સામે ડુંગરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ ગીતાનગરમાં રહેતા ૨૫ વર્ષીય રાહુલ લાલચંદ ગુપ્તાએ ગત તા.૨૯ ઓગસ્ટે એક ન્યૂઝના નામની ઈન્સ્ટા આઈડી પર વિનય પ્રજાપતિએ સંગઠન ખુલતે હે સમાજ સેવા કે લિયે યા ફિર સમાજ કે સાથ ૪૨૦ કરને કે લિયે ટાઈટલ સાથે વિડીયો અપલોડ કર્યો હતો. જેમાં સંગઠનના નામે પૈસા પડાવતા હોવાનો આરોપ હતો. જેના પર રાહુલે જો સંગઠન ખોટા છે એના નામ લઈને બોલો, તમ બધા સંગઠનોને ખોટાના કહી શકો એવી કોમેન્ટ કરતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. બાદમાં વિનય પ્રજાપતિએ પરથી ફોન કરી ગાળો આપી દુકાને બોલાવ્યા હતાં. બીજા દિવસે લક્ષ્મી એમ્પોરિયમ સામે વડના ઝાડ પાસે વિનય પ્રજાપતિ, માનવ મિશ્રા, મનોજ ચૌહાણ અને અંજની શર્માએ ગાળો આપી ઝઘડો કરી માનવ મિશ્રાએ માથાના ભાગે થાપટ મારી ધાક ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

## પારડીમાં શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારંભ યોજાયો

### સરકાર હંમેશા શિક્ષકોની પડખે રહી છે : મંત્રી કનુભાઈ દેસાઈ



**વલસાડ, તા.૦૬ :** રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૮મી જન્મ જયંતિ નિમિત્તે શિક્ષક દિનની ભવ્ય ઉજવણી વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોરારજી દેસાઈ ઓડિટોરિયમ ખાતે કરવામાં આવી હતી.

શિક્ષક દિવસ ઉજવણી અવસરે નાણામંત્રી સહિત મહાનુભાવોના હસ્તે જિલ્લા કક્ષાના ૦૪ અને તાલુકા કક્ષાના ૦૫ શ્રેષ્ઠ શિક્ષકોની સાથે જે તે શાળાના ૦૯ આચાર્યો અને છેલ્લા ત્રણ વર્ષથી ધો. ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતા ૩૮ વિષય શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

શિક્ષક દિનની શુભેચ્છા પાઠવી સન્માનિત થયેલા શિક્ષકોને અભિનંદન પાઠવી મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, ભારતમાં રામાયણ અને મહાભારત કાળથી ગુરુનું મહત્વ સર્વોચ્ચ સ્થાને રહ્યું છે. એકલવ્ય એ દ્રોણાચાર્યનું પૂતળું બનાવી ધનુરવિદ્યામાં નિપુર્ણ બન્યા હતા. આજે પણ સમાજમાં શિક્ષકનો દરજ્જો સૌથી મોટો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર હંમેશા શિક્ષકોની પડખે રહી છે. શિક્ષકોના ઘણા પ્રોબ્લેમ સોલ્વ થયા છે અને બાકી રહેલા પ્રશ્નો પણ સોલ્વ થવાની



તૈયારીમાં છે. આપણા દેશમાં અંગ્રેજોએ જે શિક્ષણ નીતિ બનાવી હતી તેમાં ગુરુકુલ પ્રથા નાબૂદ કરી દીધી હતી પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સનાતન મૂલ્યોને આવરી લઈ નવી શિક્ષણ નીતિ બનાવી છે.

જેમાં શ્રીમદ ભગવત ગીતાનો પણ સમાવેશ કરાયો છે.

જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન જે. પટેલે જણાવ્યું કે, નવી શિક્ષણ નીતિમાં સ્કિલ બેઈઝડ શિક્ષણની પણ વાત કરવામાં આવી છે.

વલસાડ અને કપરાડાના ધારાસભ્ય સર્વશ્રી ભરતભાઈ પટેલ અને જીતુભાઈ ચૌધરીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. જિલ્લા કલેકટર નીતિન સાંગવાને પોતાના અનુભવ શેર કરતા જણાવ્યું કે, પહેલા મને હરિયાણાની લોકલ ભાષા જ આવડતી હતી, ત્યારે મારા શિક્ષકે મને અંગ્રેજીના રોજ નવા પાંચ શબ્દ શીખવા માટે શિખામણ આપી અને તે મુજબ મેં પ્રેક્ટિસ કરી તો એક વર્ષમાં દોઢ હજાર નવા અંગ્રેજી શબ્દ બોલતા હું શીખી ગયો હતો. જે મને મારા અત્યાર સુધીના કેરિયરમાં ખૂબ જ ઉપયોગી બની છે.

આ પ્રસંગે પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલ, પારડી નગરપાલિકા પ્રમુખ ચેતન નાયકા, જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન પ્રજ્ઞેશ પટેલ, પ્રાંત અધિકારી નીરવ પટેલ અને તાલુકા સંગઠન પ્રમુખ પુનિત પટેલ સહિતના અધિકારીઓ પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં શિક્ષકગણ ઉપસ્થિત રહ્યો હતો. સ્વાગત પ્રવચન વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી ડો.રાજેશ્રી ટંડેલે કર્યું હતું.

આભારવિધિ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી.બી.વસાવાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન શિક્ષક તારેશ સોની અને અવની પટેલે કર્યું હતું.

### સન્માનિત થયેલા શિક્ષકોની યાદી

**જિલ્લા કક્ષાએ સન્માનિત શિક્ષકો**

૦૧) શ્રી રાકેશચંદ્ર આર. સુથાર, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, મગોદડુંગરી, વલસાડ
૦૨) શ્રીમતી દીપાલી પી. ચુડાસમા, મોડલ સ્કૂલ, માલનપાડા, ધરમપુર
૦૩) શ્રી જયેશકુમાર ટી.ટંડેલ, બલિઠા મુખ્ય શાળા, વાપી
૦૪) શ્રી સંજયકુમાર બી. મકવાણા, બી.આર.સી. કો-ઓર્ડિનેટર, કપરાડા

**તાલુકા કક્ષાએ સન્માનિત શિક્ષકો**

૦૧) શ્રીમતી કિન્નરી વી.દેસાઈ, સંસ્કાર વિદ્યા મંદિર, ખોખરા -ા. શાળા, વલસાડ
૦૨) શ્રી બાલકૃષ્ણ ટી. ટંડેલ, નામધા -ા. શાળા.વાપી
૦૩)વિભૂતિબેન આર. પટેલ, ગુ.-ાથમિક શાળા, તલવાડા (પારસીપાડા) ઉમરગામ
૦૪) શ્રી ગણેશભાઈ એલ. જાદવ, બાબરખડક પર. શાળા, કપરાડા
૦૫) ભવિકકુમાર બી.પટેલ, -ાથમિક શાળા, કપરાડા

## વાપીમાં ચાર ધામ યાત્રાના નામે રૂા.૪૦,૮૦૦ની છેતરપિંડી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૬ :** વાપીમાં ફેસબુક પર ટૂર પેકેજ જોઈ ટ્રાન્સપોર્ટર સાથે ચાર ધામ યાત્રાના નામે રૂા. ૪૦,૮૦૦ની છેતરપિંડી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. હરિયાપાર્ક સમન્વય પાર્કમાં રહેતા અને એસ. રોડલાઈન્સ નામે ટ્રાન્સપોર્ટ ચલાવતા ઓમપ્રકાશ સૂર્યનારાયણ શુક્લાએ ડુંગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, ૧૮ માર્ચના રોજ પરિવાર અને મિત્ર વર્તુળ દ્વારા ચાર ધામ યાત્રા જવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મોબાઈલમાં ચાર ધામના અલગ અલગ ટૂર ટ્રાવેલ્સના પેકેજ ઓનલાઈન જોતા ફેસબુક પર શીવ હોલીડે એન્ડ એડવેન્ચર નામની ટૂર કંપનીનું પેકેજ અંગેની જાહેરાત જોઈ તેમાં આપેલ નંબર પર સંપર્ક કર્યો હતો.

સામેવાળાએ જણાવ્યું કે કુલ ટૂર પેકેજની કિં. રૂા. ૪૦,૮૦૦ થશે અને તેમાં કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી, બદ્રીનાથ અને રસ્તામાં આવતા સાઈડ સીન સાથે હરિદ્વાર ફેરવવામાં આવશે. હોટલમાં રહેવા, નાસ્તો, બપોર-રાત્રીનું જમવાનું, મંદિર સુધી હેલિકોપ્ટર ટિકિટની સુવિધા મળશે. બુકિંગ માટે રૂપિયાની માંગણી કરતા ચાર વારમાં કુલ રૂા. ૪૦,૮૦૦ સામેવાળાના ખાતામાં ટ્રાન્સફર કર્યા બાદ ફોન સ્વીચ ઓફ થતા છેતરાયાની જાણ થઈ હતી. જે અંગે ૧૯૩૦ પર કોલ કરી ફરિયાદ કરાઈ છે.

## આજે માંડવામાં તાલુકા કક્ષાનો વન મહોત્સવ યોજાશે

**કપરાડા, તા.૬ :** નાનાપોંઢા તાલુકાના માંડવા પ્રાથમિક શાળા ખાતે આજ રોજ તા.૭/૯/૨૦૨૬ સોમવારના રોજ સામાજિક વનીકરણ વલસાડ રેન્જ ધરમપુર અને નાનાપોંઢા તાલુકાના રેંજ વહીવટી તંત્ર સહયોગથી ૭૭મો વન મહોત્સવ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ કાર્યક્રમમાં નાનાપોંઢા તાલુકા પંચાયતના પ્રમુખ મનીષાબેન પટેલ, તૃપ્તિબેન ધાનરિયા જીલ્લા પંચાયત સદસ્ય, દશમાભાઈ ધાનારિયા સરપંચ માંડવા, વિજયભાઈ પટેલ આચાર્ય માંડવા, નાનાપોંઢા રેંજના વહીવટી તંત્ર તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહશે.

## ઉમરગામમાં એસી ચોરીમાં બે સગીર સહિત ભંગારીયો ઝડપાયો

**વાપી, તા.૦૬ :** ઉમરગામ સોળસુંબા ખાતે આવેલ ભવાની રેફ્રિજરેશનની દુકાન બહાર બે ઈસમોએ રીપેરીંગ કરી મૂકેલ બે પેનલ એ.સી. અને બે આઉટડોર યુનિટની ચોરી કરી નાસી ગયા હતાં. જે અંગે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

પીઆઈ એ.ડી. તુવરના માર્ગદર્શન હેઠળ ટીમ બનાવી ટેકનીકલ એનાલીસીસ અને હ્યુમન સોર્સીસ આધારે તપાસ કરતા ચોરી કરનાર બે ઈસમો કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર હોવાનું જણાયું હતું.

બંને બાળકિશોરોએ ચોરી કરેલ મુદ્દામાલ સંજાણ ખાતે ભંગારની દુકાન ચલાવનાર અજાઝ ઉર્ફે એજાઝ યારમોહમ્મદ ખાનને આપેલ હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે ચોરીમાં ગયેલ મુદ્દામાલ લેનાર આરોપી અજાઝ (ઉ.૩૭, રહે. સંજાણ ચાર રસ્તા BSNL ઓફિસ પાછળ, તા. ઉમરગામ) ને પકડી પાડી ચોરીનો માલ વેચાણના રોકડ રૂ.૫૦૦૦, બે મોબાઈલ ફોન કિ.રૂા. ૧૫૦૦૦ બ્લુ કલરની મોપેડ કિ.રૂા. ૫૦,૦૦૦ બાઈક કિ.રૂા. ૫૦,૦૦૦ અને જુના એ.સી.ના ભંગાર તથા આઉટડોરના લોખંડના પતરા કિ.રૂ.૩૨૦૦ મળી કુલ રૂા.૧,૨૩૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો છે.

## બીલીમોરા રેલવે ટ્રેક પરથી અજાણી લાશ મળી

**બીલીમોરા, તા.૦૬ :** બીલીમોરા રેલવે સ્ટેશન નજીક રેલવે લાઇન પર અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. -ાથમિક વિગતો મુજબ તા. ૦૫/૦૮/૨૦૨૫ના રોજ રાત્રિના સમયે બીલીમોરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૦૧ના દક્ષિણ છેડે રેલવે લાઈન અપ ડાઉન વચ્ચેથી પાણી નિકાલની નાળીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો.મૃતકની ઓળખ કે કોઈ વાલીવારસ મળી આવ્યા ન હોવાથી પોલીસે મૃતદેહનું વર્ણન જાહેર કર્યું છે. મૃતક આશરે ૪૦ થી ૪૫ વર્ષનો, મધ્યમ બાંધાનો પુરુષ,પીળા કલરનું સફેદ પકાવાળુંઆખી બાયનું શર્ટ તથા કમરે ગ્રે કલર નું જીન્સ પેન્ટ પહેરેલુ હતું. ઓળખ ધરાવતા વાલીવારસે બીલીમોરા રેલવે પોલીસનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

## પારડીના કિશોરે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૬ :** પારડી તાલુકાના બગવાડા ગામના બંગલા ફળિયામાં ૧૫ વર્ષીય કિશોરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે બગવાડા ગામના બંગલા ફળિયામાં રૂમ નં. ૧માં રહેતા અંકુર અનિલભાઈ તુરી ઉં.વ. ૧૫ કોઈ અગમ્ય કારણોસર રૂમની લોખંડની એંગલ સાથે તુવાલ બાંધી ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો ઘટનાની જાણ થતાં પરિવારજનો તથા આસપાસના લોકોમાં શોકની લાગણી ફેલાઈ હતી. બનાવ અંગે અંકુરના પિતા અનિલભાઈ બબાના તુરી દ્વારા પારડી પોલીસ મથકમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોત નોંધી મૃતદેહ અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. કિશોરે આ અંતિમ પગલું કયા કારણોસર ભર્યું તે અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે તપાસની જવાબદારી હેડ કોન્સ્ટેબલ રવિન્દ્રભાઈ રામસીંગભાઈને સોંપવામાં આવી છે.

## આસલોણા આશ્રમશાળાના પૂર્વ આચાર્ય - શિક્ષક સંગઠનના પૂર્વ પ્રમુખનું અવસાન

**કપરાડા, તા.૦૬ :** વલસાડ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘના ભૂતપૂર્વ પ્રમુખનું ગઈકાલે દુ:ખદ અવસાન થયું છે. આવતીકાલે ૭ મી સપ્ટેમ્બર ના રોજ તેમની દીકરી વિદેશથી પરત આવ્યા બાદ તેમની અંતિમયાત્રા નીકળી પારડી સ્મશાને જશે.



આશ્રમશાળા આસલોણાના ભૂતપૂર્વ આચાર્ય તથા વલસાડ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘના ભૂતપૂર્વ પ્રમુખ તખ્તસિંહ આર. ઠાકોરનું ગઈકાલે તા. ૦૫/૦૯/૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયું છે. તેમના અવસાનના સમાચારથી સમગ્ર આશ્રમશાળા પરિવાર તથા શિક્ષક સમાજમાં શોકની લાગણી પ્રસરી છે. તખ્તસિંહ આર. ઠાકોર હાલમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળા, રોહિયાળ જંગલમાં ઉપશિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. શિક્ષણ ક્ષેત્રે તેમણે નિષ્ઠાપૂર્વક અને સેવાભાવથી આપેલી સેવાઓ તેમજ ખાસ કરીને વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના આશ્રમશાળા સંગઠન માટે તેમણે આપેલું અમૂલ્ય યોગદાન હંમેશા સ્મરણીય રહેશે. સંગઠનના પ્રશ્નો અને શિક્ષક હિત માટે તેમણે કરેલી કામગીરી શિક્ષક સમાજ માટે પ્રેરણારૂપ બની રહેશે.

તેમના નિધનથી શિક્ષણ ક્ષેત્રે એક સેવાભાવી, કર્મનિષ્ઠ અને સંવેદનશીલ વ્યક્તિત્વની ખોટ પડી છે. સમગ્ર આશ્રમશાળા પરિવાર તથા શિક્ષક સમાજ તેમના પરિવારજનો પ્રત્યે હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરી પરમાત્મા દિવંગત આત્માને શાંતિ અર્પે અને પરિવારજનોને દુ:ખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરે છે. ઉલ્લેખનીય છે કે તેમના એકમાત્ર પુત્રી વિદેશમાં હોવાથી તેમના સ્વદેશ પરત આવ્યા બાદ દિવંગત તખ્તસિંહ આર. ઠાકોરની અંતિમયાત્રા તા. ૦૭/૦૯/૨૦૨૬, સોમવારના રોજ સવારે ૮:૩૦ કલાકે કિલ્લા પારડી, અરિહંત ટાઉનશિપથી નીકળશે.

## વલસાડ હાઈવેથી દારૂ ભરેલ કાર ઝડપાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૬ :** વલસાડ સીટી પોલીસ દ્વારા નેશનલ હાઈવે નંબર ૪૮ પર ધરમપુર ચોકડી ઓવરબ્રિજ નજીક વાહન ચેકિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે વાપી તરફથી સુરત તરફ જઈ રહેલી શંકાસ્પદ સફેદ રંગની અર્ટિગા કાર નંબર MH-03-DV-5240 ને અટકવાનો ઈશારો કરતા ચાલક કાર મૂકી અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો. પોલીસે તપાસ હાથ ધરતા કારમાંથી દારૂ તથા બિયરના કુલ ૧,૦૮૦ નંગ બોટલ - કિંમત ૨,૬૦,૯૮૨ અર્ટિગા કાર નંબર MH-03-DV-5240 - કિંમત ૩ લાખ મળી કુલ મુદ્દામાલ મળી કુલ ૫,૬૦,૯૮૨ પોલીસે દારૂ અને કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કાર ચાલક સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## પારડીના વેપારી સાથે ૧૨.૪૪ લાખની છેતરપિંડી

**પારડી, તા.૦૬ :** પારડી તાલુકાના કોલક ગામે રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતા વેપારી રોહનભાઈ કેણી સાથે રૂ. ૧૨.૪૪ લાખની મોટી છેતરપિંડીનો કિસ્સો -કાશમાં આવ્યો છે. કલસર ગામના બોગસ જમીન દલાલ વિમલ પટેલે કોલકના મહાદેવ મંદિર પાસે આવેલો બીજાની માલિકીનો પ્લોટ પોતાનો બતાવી ૧૮ લાખના બદલે ૧૨ લાખમાં સોદો કર્યો હોય પારડી પોલીસમાં ફરિયાદ નોંધાય છે આરોપીએ વેપારી અને તેમની માતાને વિશ્વાસમાં લઈ પારડી ખાતે નોટરી એડવોકેટ પાસે ગયા હતા જ્યાં એગ્રીમેન્ટ બનાવી આપ્યું હતું.

## પરિયામાં આધેડ મહિલાનો આપઘાત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૬ :** પારડી તાલુકાના પરિયા ગામના તરી ફળિયામાં ૫૧ વર્ષીય મહિલાએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવતા પારડી પોલીસે અકસ્માત મોત દાખલ કરી છે મળતી માહિતી મુજબ, પરિયા વેલવાગડના તરી ફળિયામાં રહેતા દિપકભાઈ છોટુભાઈ પટેલ વાપી ખાતે કંપનીમાં નોકરી કરે છે. તેમની પત્ની સુરેખાબેન દિપકભાઈ પટેલ ઉં.વ. ૫૧ ઘરકામ કરતા હતા. દંપતીને એક પુત્ર જયદિપ ઉં.વ. ૨૫ છેજે દમણ ખાતે કંપનીમાં નોકરી કરે છે. તા. ૫ સપ્ટેમ્બરના રોજ દિપકભાઈ સવારે નોકરી પર વાપી ગયા હતાં. જ્યારે તેમનો પુત્ર પણ દમણ ખાતે નોકરી પર ગયો હતો. સાંજે આશરે સાત વાગ્યે દિપકભાઈ ઘરે પરત ફર્યા ત્યારે સુરેખાબેન લોખંડની એંગલ સાથે ઓઢણી બાંધી ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતાં.

## ડુંગરામાં જેગ્વાર કાર ચાલકે યુવકનો કચડી નાંખવાનો પ્રયાસ કર્યો

**વાપી, તા.૦૬ :** વાપીના ડુંગરા હરિયાપાર્ક વિસ્તારમાં પૂરઝડપે અને ગફલતભરી રીતે જેગ્વાર કાર હંકારી પાર્ક કરેલી ફોરવ્હીલને ટક્કર મારી યુવકને ઈજા પહોંચાડી ફરાર થનાર કાર ચાલક સામે ડુંગરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ ફરિયાદી વિશાલ મુરલીધરન પિલ્લાઈ (ઉ.૩૩, રહે. ડુંગરા હરિયાપાર્ક સનશાઈનચેર-૧, ફ્લેટ નં.૩૦૧, તા.વાપી) દમણ ખાતે જહોન ડીસ્ટીલરીના ડીસ્ટ્રીબ્યુટર તરીકે નોકરી કરે છે. તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ તેઓ ડુંગરા પોલીસે દવાખાના વર્ધી નં.૨૦૭/૨૦૨૬ના કામે સંજીવની હોસ્પિટલના સેમી ડીલક્ષ વોર્ડના રૂમ નં.૧૦૫માં સારવાર હેઠળ હતા ત્યારે પુછતાં જણાવ્યું હતું કે, હરિયાપાર્ક ખાતે આવેલ અંબામાતા મંદિરે દર વર્ષે અમારી મહાદેવસેના દ્વારા ગણપતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

આ માટે વાપી મહાનગરપાલિકામાંથી માણસો બોલાવી રોડ ઉપરના ઝાડની ડાળીઓ કટિંગ અને સાફ-સફાઈ કરાવવાની હતી. બપોરે અઢી થી ત્રણ વાગ્યા દરમિયાન મોજે હરિયાપાર્ક મેઈન રોડ ઉપર ડો.કોયર સાહેબના બંગલા પાસે ઝાડની ડાળી કટિંગની કામગીરી ચાલતી હતી ત્યારે તેઓ અને મિત્રો પોતાની ફોરવ્હીલ ગાડી નં.DN-09-K-2359 રોડની સાઈડમાં પાર્ક કરી બાજુમાં ઉભા હતા.

તે દરમિયાન હરિયાપાર્ક કણજુવાડ ખાતે રહેતા નિલેશ ભીખુભાઈ રાઠોડે પોતાની કબજાની જેગ્વાર કાર નં.GJ-15-CK-0809 પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરિયાદીની ગાડીના ડ્રાઈવર સાઈડના પાછળના દરવાજા સાથે અને ફરિયાદી સાથે અથડાવી દીધી હતી. જેના કારણે ફોરવ્હીલને નુકસાન થયું હતું અને ફરિયાદીને નીચે પાડી છાતી, ડાબા પગના ઘૂંટણ અને કમરના ભાગે ઈજા પહોંચાડી કાર લઈ નાસી ગયો હતો. આ મામલે આરોપી વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા ડુંગરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## માલેગામ માર્ગ પર જીપ-કાર વચ્ચે અકસ્માત

**સાપુતારા, તા.૦૬ :** સાપુતારા ફરવા આવેલા સુરતના એક પરિવારને પરત ફરતી વેળાએ શામગહાનથી માલેગામ તરફ જતા માર્ગ પર અકસ્માત નડ્યો હતો. સાપુતારાથી પોતાના ઘરે પરત ફરી રહેલા પરિવારની કાર અને સામે વાંસદા તરફથી આવી રહેલી પીકઅપ વાન વચ્ચે તીવ્ર ટક્કર થઈ હતી. આ ગોઝારા અકસ્માતમાં સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ કારમાં સવાર એક મહિલાને માથાના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર અર્થે શામગહાન રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યારે પરિવારના અન્ય સભ્યોનો આબાદ બચાવ થયો હતો.




# કાશ્મીર અને લદ્દાખ અમારા છે, નકશો બદલ્યો તો મજા નહીં આવે :UNમાં ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૬ : સદીઓથી સમગ્ર વિશ્વમાં ભણાવવામાં આવતા અને ઓફિસોમાં વપરાતા પૃથ્વીના નકશામાં હવે એક મોટો અને ઐતિહાસિક બદલાવ આવવા જઈ રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)એ વિશ્વના તમામ ખંડોના સાચા અને વાસ્તવિક ક્ષેત્રફળને દર્શાવતા નવા નકશાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. ભારતે આ વૈશ્વિક પહેલની તરફેણમાં મતદાન કરીને પ્રસ્તાવને ટેકો આપ્યો છે, પરંતુ સાથે જ સ્પષ્ટ શબ્દોમાં કડક ચેતવણી આપી છે કે જમ્મુ-કાશ્મીર અને લદાખ સહિતના ભારતના સાર્વભૌમ ક્ષેત્રોનું નિરૂપણ દેશના સત્તાવાર નકશા મુજબ જ થવું જોઈએ અને કોઈપણ ભ્રામક ચિત્રણ ચલાવી લેવાશે નહીં. વિશ્વભરમાં હાલ સૌથી વધુ જે નકશો ચલણમાં છે તે ૧૬મી સદીમાં બનેલા મર્કેટર પ્રોજેક્શન પર આધારિત છે. આ જૂના નકશામાં ઉત્તરીય ગોળાર્ધના પશ્ચિમી દેશો વાસ્તવિકતા કરતાં ઘણા મોટા દેખાય છે, જ્યારે આફ્રિકા અને દક્ષિણ એશિયા જેવા વિસ્તારો નાના નજરે પડે છે. આ અસમાનતા દૂર કરવા આફ્રિકન દેશોની આગેવાની હેઠળ ચાલેલી વૈશ્વિક મુહિમ અંતર્ગત ૪ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ UNGAમાં કરેક્ટ ધ મેપ: રીબેલેન્સિંગ ગ્લોબલ કાર્ટોગ્રાફિક રિપ્રેઝન્ટેશન એન્ડ પ્રમોટિંગ ઈક્વિટેબલ રિપ્રેઝન્ટેશન ઓફ ધ વર્લ્ડ્સ રીજન, પર્ટીક્યુલર્લી આફ્રિકા શીર્ષક હેઠળનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવ મર્કેટર પ્રોજેક્શન પર સીધો પ્રતિબંધ નથી મૂકતો કે ન તો કોઈ નકશો બળજબરીથી થોપે છે, પરંતુ તે સરકારો, શાળાઓ, વૈશ્વિક સંસ્થાઓ અને ટેક કંપનીઓને ઈક્વલ અર્થ પ્રોજેક્શન જેવા સંતુલિત નકશાઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે છે. ભારતે આ ઠરાવના પક્ષમાં મતદાન કર્યું હોવા છતાં, વિદેશ મંત્રાલય(MEA)ના પ્રવક્તા રણધીર જાયસ્વાલે દેશની સરહદો અંગે ભારતનું સત્તાવાર વલણ દ્રઢતાથી રજૂ કર્યું હતું, "ભારતે પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું અને સમાન ક્ષેત્રફળ આધારિત ભૌગોલિક નિરૂપણના સિદ્ધાંત પર ભાર મૂકતા મતની વિગતવાર સમજૂતી આપી. અમે એ પણ સ્પષ્ટ કર્યું છે કે આ ઠરાવ કોઈપણ ચોક્કસ નકશા, પ્રોજેક્શન કે રાષ્ટ્રીય સરહદોના ચિત્રણનું સમર્થન કરતો નથી. જમ્મુ-કાશ્મીર અને લદાખ કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ભારતનું સાર્વભૌમ ક્ષેત્ર ભારતના સત્તાવાર નકશા અનુસાર જ દર્શાવવું અનિવાર્ય છે. કોઈપણ અચોક્કસ કે ભ્રામક ચિત્રણ અસ્વીકાર્ય છે. ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા પર અમારું વલણ સ્પષ્ટ, સતત એકસમાન અને કોઈ પણ સંજોગોમાં બાંધછોડ ન કરનારું છે." — રણધીર જાયસ્વાલ (પ્રવક્તા, વિદેશ મંત્રાલય)

MEA પ્રવક્તાએ સ્પષ્ટતા કરી હતી કે, આ ઠરાવનો મુખ્ય હેતુ ખંડોના વાસ્તવિક કદનું સંતુલન જાળવવાનો છે. તે કોઈપણ ચોક્કસ નકશાને પ્રમાણિત કરતો નથી કે આંતરરાષ્ટ્રીય સરહદો, વિવાદિત વિસ્તારો કે સ્થળોના નામો જેવા રાજકીય નકશાના વિષયો સાથે તેને કોઈ સંબંધ નથી. તેથી કોઈપણ પ્લેટફોર્મ ભારતની આંતરરાષ્ટ્રીય સીમાઓ સાથે છેડછાડ કરી શકે નહીં.

આ ઠરાવ માત્ર નકશો બદલવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે શાળાઓ અને શિક્ષણ સંસ્થાઓમાં એ વાત શીખવવા પર પણ ભાર મૂકે છે કે ગોળાકાર પૃથ્વીને સપાટ કાગળ કે સ્ક્રીન પર દર્શાવતી વખતે કેવી ભૌગોલિક મર્યાદાઓ સર્જાય છે. ઈક્વલ અર્થ પ્રોજેક્શન હવે ભવિષ્યમાં ટેકનોલોજી અને શિક્ષણ જગતમાં માનક નકશો બનવા તરફ આગળ વધી રહ્યો છે.

# હવે ગુજરાતના દરેક જિલ્લા-શહેરોમાં ડેડિકેટેડ એન્ટી નાર્કોટિક્સ વિંગ કાર્યરત થશે

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૬ : ગુજરાત પોલીસે માત્ર પોતાના રાજ્યમાં જ નહીં, પરંતુ અન્ય રાજ્યોના યુવાધનને પણ નશાના રવાડે ચડતું અટકાવ્યું છે ત્યારે હવે ગુજરાતમાં દરેક જિલ્લા અને શહેરોમાં ડેડિકેટેડ એન્ટી નાર્કોટિક્સ વિંગ કાર્યરત કરવા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાલમાં દરેક શહેર જિલ્લાઓમાં LCB, SOG-લોકલ પોલીસની ટીમ નશીલા પદાર્થ વિરુદ્ધ કેસીસ કરે છે. હવે આ કામ તેના ઉપરાંત ડેડીકેટેડ એન્ટી નાર્કોટિક્સ વિંગ દ્વારા પણ કરવામાં આવશે. પાંચ વર્ષમાં ગુજરાત પોલીસે NDPS એક્ટ હેઠળ ૩,૭૦૦થી વધુ ગુના નોંધી ૫,૩૪૬ આરોપીઓની ધરપકડ કરી છે. આ સમયગાળા દરમિયાન આશરે રૂ. ૧૩,૬૦૦ કરોડથી વધુ કિંમતનો ૧.૩૬ લાખ કિલોગ્રામથી વધુનો ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ નેટવર્કની કમર તોડી નાખવામાં આવી છે.

રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા વધુ એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય કક્ષાએ કાર્યરત એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF)ની જેમ હવે દરેક જિલ્લા અને કમિશનરેટ કક્ષાએ એન્ટી નાર્કોટિક્સ વિંગ (ANW) સ્થાપવાનો આદેશ જારી કરાયો છે. એટલું જ નહીં, આગામી ૭ દિવસમાં આ તમામ યુનિટ્સ કાર્યરત કરી દેવાનો આદેશ અપાયો છે.

# ૨૦૨૭ની ચૂંટણી માટે શંકરસિંહ વાઘેલા સક્રિય

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૬: ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ ભલે હજુ દૂર હોય, પરંતુ રાજકીય ગરમાવો અત્યારથી જ શરૂ થઈ ગયો છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ગાંધીનગરમાં પોતાના સાથીઓ સાથે પ્રજા શક્તિના નેજા હેઠળ એક મહત્વપૂર્ણ બેઠક યોજીને આગામી ચૂંટણી માટે મંથન શરૂ કરી દીધું છે. પ્રજાના પ્રશ્નોને વાચા આપવા અને સરકાર સામે મજબૂત રણનીતિ ઘડવા માટે તેઓ મેદાનમાં ઉતરી ચૂક્યા છે. મહત્વનું છે કે, ગુજરાતના રાજકારણમાં એક નવી હલચલ શરૂ થઈ છે, જેમાં જનતાના -'ને લઈને સક્રિય લડત લડવાનો દ્રઢ સંકલ્પ કરવામાં આવ્યો છે. સરકાર સામે હિંમતથી અવાજ ઉઠાવવાની જાહેરાત સાથે એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જાહેર જીવનમાં કોઈપણ વ્યક્તિ કે સમાજની મહેરબાની વગર લોકોના પ્રશ્નો માટે સીધી અને સક્રિય લડત લડવામાં આવશે. સાચી નિષ્ઠાને સાબિત કરવા હવે કોઈના સર્ટિફિકેટની જરૂર નથી, માત્ર પોતાની કામગીરી અને જનસેવાના આધારે જ આગળ વધવાનો મક્કમ સંદેશ અપાયો છે.

નકારાત્મક રાજકારણથી સંપૂર્ણપણે દૂર રહીને સીધા મુદ્દાઓના ઉકેલ પર ધ્યાન કેન્દ્રિત કરવાના આ અભિયાનને વેગ આપવા, આગામી ૨ ઓક્ટોબરના રોજ એક વિશાળ સંમેલનની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

પોતાના રાજકીય ભવિષ્ય અને કોંગ્રેસમાં જોડાવા અંગે સ્પષ્ટતા કરતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું છે કે હાલ તેમનો મુખ્ય ઉદ્દેશ્ય કોંગ્રેસમાં જોડાવાનો નથી, પરંતુ ભારતીય જનતા પાર્ટી સામે મજબૂત લડત આપવા માટે એક ફોજ તૈયાર કરવાનો છે.

# રાજ્યના ચાર બિન-આદિજાતિ જિલ્લાઓમાં વર્ગ-૧ના આદિજાતિ અધિકારીઓને 'સભ્ય સચિવ'ની સીધી જવાબદારી

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૬ : ગુજરાત સરકારે રાજ્યના અતિ પછાત અને છેવાડાના આદિમ જૂથોના સામાજિક અને આર્થિક ઉત્થાનને વધુ વેગ આપવા માટે મહત્વનો વહિવટી સુધારો કર્યો છે. જે મુજબ 'મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના' હેઠળ બિન-આદિજાતિ ચાર જિલ્લાઓ અમદાવાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ અને જૂનાગઢ માટે જિલ્લા કક્ષાની સમિતિઓના 'સભ્ય સચિવ' તરીકે આદિજાતિ વિભાગના જ વર્ગ-૧ના સક્ષમ અધિકારીઓને સીધી જવાબદારી સોંપવામાં આવી છે.

આ ફેરફાર ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭થી જ અમલ મૂકી દેવાયાં છે. આ વહિવટી ફેરફારથી આદિમજૂથોના વિકાસ માટે જવાબદારી અને અધિકાર, બંનેનું વધુ સ્પષ્ટ વિભાજન થયું છે. ખાસ કરીને બિન-આદિજાતિ અને છૂટાછવાયા વિસ્તારોમાં વસતા પઢાર અને સીદી સમુદાયના પરિવારો સુધી સરકારી યોજનાઓ વધુ અસરકારક રીતે પહોંચાડવાનો માર્ગ સરળ બન્યો છે.

